# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## DAHOD - REPOLLING

દાહોદ લોકસભા બેઠકના પરથમપુરમાં મતદાન મથકમાં સવારના સાત વાગ્યાથી પુનઃ મતદાન શરૂ થયું છે. સાતમી મે ના રોજ રાજ્યમાં યોજાયેલ લોકસભા ચૂંટણી દરમિયાન આ બેઠક પર ગેરરીતીની ઘટના સામે આવતા ચૂંટણીપંચે પુનઃમતદાન કરાવવાનો નિર્ણય કર્યોહતો.

પરથમપુરમાં આજે શરૂ થયેલ પુનઃ મતદાનની વધુ માહિતી આપે છે અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોષી......

**(બાઇટ- કૌશિક જોશી, મહીસાગર, પીટીસી)**

-------------------

## STD $10^{TH}$ RESULT OVER ALL -1

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા માર્ચ 2024માં લેવાયેલી ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ 82.56 ટકા જાહેર કરવામાં આવ્યું છે, જે ગયા વર્ષ 2023 કરતા 17.94 ટકા વધારે છે. એટલે કે, આ વર્ષનું ધોરણ 10નું આ પરિણામ છેલ્લા 30 વર્ષમાં સૌથી વિક્રમજનક આવ્યું છે. આ વખતે પરીક્ષામાં પ્રશ્નપત્રના પરિરૂપમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જે મુજબની આ પ્રથમ પરીક્ષા હતી.

આ વખતે સૌથી વધુ 100 ટકા પરિણામ ધરાવતું કેન્દ્ર અમદાવાદ ગ્રામ્યનું દાલોદ અને ભાવનગર જિલ્લાનું તલગાજરડા કેન્દ્ર રહ્યું છે. જ્યારે

સૌથી ઓછું 41.13 ટકા પરિણામ ગીર સોમનાથ જિલ્લાના તડ કેન્દ્રનું આવ્યું છે. સૌથી વધારે પરિણામ ધરાવતા જિલ્લાની વાત કરીએ તો, 87.22 ટકા પરિણામ સાથે ગાંધીનગર જિલ્લો સૌથી અગ્રેસર રહ્યો છે. જ્યારે 74.57 ટકા પરિણામ સાથે પોરબંદર જિલ્લાનું પરિણામ સૌથી ઓછું રહ્યું છે.

તો આ વખતે એક હજાર 389 શાળા 100 ટકા પરિણામ ધરાવતી શાળાઓ બની છે. જ્યારે ગયા વર્ષે 2023માં આ આંકડો માત્ર 272 રહ્યો હતો. આ વર્ષે 264 શાળાઓ એવી છે, જેનું પરિણામ 30 કરતા પણ ઓછું આવ્યું છે. ગયા વર્ષે આ આંકડો એક હજાર 84 રહ્યો હતો. જ્યારે આ વર્ષે શૂન્ય ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા 70 રહી છે. જ્યારે ગયા વર્ષે 2023માં આ આંકડો 157 સુધી રહ્યો હતો. આ

ધોરણ 10ની પરીક્ષાના પરિણામમાં 86.69 ટકા પરિણામ સાથે વિદ્યાર્થિનીઓ વિદ્યાર્થીઓ કરતાં આગળ રહી છે. જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ 79.12 ટકા આવ્યું છે.

## STD 10TH RESULT OVER ALL -2

આ વર્ષે એ વન ગ્રેડ મેળવનારા પરીક્ષાર્થીઓની સંખ્યા 23 હજાર 247 નોંધાઈ છે, જે ગયા વર્ષે માત્ર 6 હજાર 111 હતી. જ્યારે 78 હજાર 893 પરીક્ષાર્થીઓએ એ ટૂ ગ્રેડ મેળવ્યો છે, ગયા વર્ષે 44 હજાર 480 વિદ્યાર્થીઓએ એ ટૂ ગ્રેડ મેળવ્યો હતો. આ વર્ષે સુરતના સૌથી વધારે 4 હજાર 870 પરીક્ષાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના અધ્યક્ષ બંછાનિધિ પાનીએ જણાવ્યું કે, જે પરીક્ષાર્થીઓના પરિણામમાં ‘નીડ્ઝ ઈમ્પ્રુવમેન્ટ’ હશે. તેઓ માટે પૂરક પરીક્ષામાં બેસી હજી સુધારણાને અવકાશ

છે. આ વર્ષથી SSCમાં માર્ચ 2024માં ત્રણ વિષયમાં નાપાસ ઉમેદવારો માટે આ પૂરક પરીક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

(બાઇટ- બંછાનિધિ પાની, શિક્ષણ બોર્ડના અધ્યક્ષ)

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે 6 લાખ 99 હજાર 598 પરીક્ષાર્થીઓએ ધોરણ 10ની પરીક્ષા આપી હતી, જેમાંથી 5 લાખ 77 હજાર 556 પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બન્યા છે. ગુજરાત બોર્ડે આ વર્ષે રાજ્યના 84 ઝોનના 982 કેન્દ્ર પર આ પરીક્ષા લીધી હતી.

આ વર્ષે આણંદ અને પોરબંદર 2 જિલ્લા એવા છે, જેનું પરિણામ 75 ટકાથી પણ ઓછું આવ્યું છે. જ્યારે અમદાવાદ શહેર, અમરેલી, દેવભૂમિદ્વારકા, ગીરસોમનાથ, જુનાગઢ, ખેડા અને વડોદરા જિલ્લાનું પરિણામ 75 થી 80 ટકાની વચ્ચે આવ્યું છે. ઉપરાંત અમદાવાદ ગ્રામ્ય, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, જામનગર, કચ્છ, મહીસાગર, મહેસાણા, મોરબી, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વલસાડ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવનું પરિણામ 80 ટકાથી વધારે આવ્યું છે.

................

## District- 10th Result

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૦નું પરિણામ આજે જાહેર થયું છે.

કેટલાક જિલ્લાની વાત કરીએ તો ...

ભાવનગર જિલ્લાનું 84.61 ટકા પરિણામ આવ્યું છે જે ગત વર્ષ કરતા આ વર્ષે 15 ટકાનો વધારો થયો હતો.

ડાંગ જિલ્લાનું એસ.એસ.સી.ની પરીક્ષાનુ ૮૫.૮૫ ટકા પરીણામ જાહેર થયું છે.

નર્મદા જિલ્લાનું ધોરણ 10નું  પરિણામ 86.54 ટકા આવ્યું છે.

નવસારી જિલ્લામાં એસએસસી બોર્ડનું 82.95 ટકા પરિણામ આવ્યું હતું.

રાજકોટ જીલ્લાનું ધોરણ 10નું  પરીણામ ૮૫.૨૩ % રહ્યું છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એસએસસીનું  પરિણામ  88.53 ટકા  રહ્યું છે.

------------------------

## SOMNATH TEMPLE – STHAPNA DIVAS

પ્રથમ જ્યોર્તિલીંગ સોમનાથ મહાદેવના 74માં સ્થાપના દિવસની ભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી રહી છે.

આજે સવારે સોમનાથ મંદિરમાં સરદાર પટેલની સરદાર વંદના કરવામાં આવી હતી. નુતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ભસ્મ ત્રિપુંડનો શૃંગાર કરવામાં આવ્યો હતો.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતરે એક અહેવાલમાં જણાવ્યું છે કે 11મી મે 1951ના દિવસે સવારે નવ વાગીને 46 મિનિટે તત્કાલીન રાષ્ટ્રપતિએ શિવલિંગના નીચે આવેલી સુવર્ણ સલાખા ખસેડીને શિવલીંગની સ્થાપના કરીને પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. એ વખતે 108 તીર્થસ્થાનોના અને 7 સમુદ્રોના જળ લાવીને સોમનાથ મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો. 101 તોપોની સલામી આપવામાં આવી હતી.

.................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ એડી ને ફોલો કરી શકશો..

.......................................